1. સામાજિક સમસ્યાનાં લક્ષણો જણાવો.

- સામાજિક સમસ્યાની લાક્ષણિકતાઓ નીચે પ્રમાણે છે : સામાજિક સમસ્યા સમાજમાં પ્રવર્તતી એક પ્રકારની આક્ષેપાત્મક સ્થિતિ છે. સામાજિક સમસ્યાની આ પરિસ્થિતિ સમાજના કે સમૂહના નોંધપાત્ર સંખ્યા(સંખ્યાનો કોઈ ચોક્કસ આંકડો નથી)ના લોકોને અસર કરનારી છે.
- સામાજિક સમસ્યાની આ પરિસ્થિતિ નોંધપાત્ર સંખ્યાના લોકોને અનિચ્છનીય લાગે છે. સામાજિક સમસ્યાની આ અનિચ્છનીય પરિસ્થિતિને દૂર કરવા માટે કોઈને કોઈ સામૂહિક પગલાં ભરવાં જોઈએ તેવી લોકલાગણી સમાજમાં પ્રવર્તે છે. સામાજિક સમસ્યાની આ પરિસ્થિતિ કાયમી નથી, પરંતુ તેને દૂર, કરી શકાય તેમ છે તેવી માન્યતા સમાજના સભ્યોમાં જોવા મળે છે.
- આ સામાજિક સમસ્યાથી સમાજનાં મહત્ત્વનાં ધોરણો અને મૂલ્યોનો ભંગ થવાનો ભય ઊભો થાય છે. આ સામાજિક સમસ્યા વ્યક્તિલક્ષી નહિ, પરંતુ સમાજલક્ષી હોય છે. સામાજિક સમસ્યાનાં પરિણામો સામાજિક હોય છે અને તેથી તેનો પ્રભાવ સમાજની અન્ય બાબતો પર પણ પડે છે.
- સામાજિક સમસ્યા એક પ્રકારની સાપેક્ષ પરિસ્થિતિ છે. આનો અર્થ એ કે કોઈ એક સમાજમાં જે પરિસ્થિતિ સામાજિક સમસ્યા ગણાતી હોય તે પરિસ્થિતિ અન્ય સમાજમાં સામાજિક સમસ્યા ન પણ હોય.

2. નશીલાં દ્રવ્યોના વ્યસનની સમસ્યાને હલ કરવાના ઉપચારાત્મક પગલાં જણાવો. (March 19)

- નશીલાં દ્રવ્યોના વ્યસનની સમસ્યાથી વ્યક્તિ, સમાજ અને રાષ્ટ્ર પર વિઘટનકારી પરિસ્થિતિનું નિર્માણ થાય છે. જો આ સમસ્યા પર નિયંત્રણ મેળવવામાં ન આવે, તો સમાજ અને રાષ્ટ્ર તેનાં વિઘાતક પરિણામો ભોગવવાં પડે છે. નશીલાં દ્રવ્યોના વ્યસનની સમસ્યાને હલ કરવા માટે મારવાહ સમિતિએ ઉપચારાત્મક પગલાં સૂચવ્યાં છે,
- જે નીચે પ્રમાણે છે : રાષ્ટ્રીય વિકાસ યોજનાઓ સાથે જોડાયેલી મદ્યપાન અને નશીલી દવાઓના દુરુપયોગ વિરોધી શૈક્ષણિક યોજનાઓ તૈયાર કરવી. વિદ્યાર્થીઓ, યુવકો, કામદારો, સ્થળાંતરિતો, આદિવાસીઓ વગેરેને નશીલાં દ્રવ્યોના વ્યસનની સમસ્યાસંબંધી શિક્ષણ આપવું.
- નશીલાં દ્રવ્યોના વ્યસનથી પીડાતી વ્યક્તિ માટે નશામુક્તિ કેન્દ્રો સ્થાપવાં તથા મદ્યપાન અને નશીલી દવાઓના વ્યસનની સમસ્યાને લગતી સમિતિની રચના કરવી. વસ્તીનાં વિવિધ જૂથોમાં નશીલાં દ્રવ્યોના અને મદ્યપાન વપરાશને લગતાં પ્રવાહોનું તેમજ સમસ્યા નિવારણનાં પગલાંનું સાતત્યપૂર્ણે મૂલ્યાંકન કરવું.
- આ ઉપરાંત ભારત સરકારના નાર્કોટિક કન્ટ્રોલ બ્યુરો'એ તૈયાર કરેલા આ સમસ્યાના નિવારણ માટે કેટલાંક સુચનો કર્યા છે. આ સૂચનો મુજબ બિનસરકારી સંગઠનોની સેવા, વ્યસનીઓ માટે પુનવસ, જનજાગૃતિ અને જાહેર આરોગ્ય જાગૃતિ, યુવાનોમાં આલકોહોલ અને ડ્રગ્સની ડિમાન્ડ ઘટાડવી તથા આ દૂષણથી યુવાનોને માહિતગાર કરવા માટેનાં પગલાંઓનો સમાવેશ થાય છે.

3. એઇડસની વિપરીત અસરો જણાવો.

- એઇસ એ માત્ર વ્યક્તિગત સમસ્યા નહિ, પરંતુ તેનો સીધો સંબંધ સમાજ અને સંસ્કૃતિ સાથે છે. આથી એઇડ્રસંગ્રસ્ત દર્દીઓનું વધુ પ્રમાણ કોઈ પણ રાષ્ટ્ર કે સમુદાય પર વિપરીત અસરો પહોંચાડે છે. એઇડસ થવાનું મુખ્ય કારણ અસલામત જાતીય સંબંધ છે.
- આથી જ્યારે કોઈ વ્યક્તિનો લોહી પરીક્ષણમાં એચઆઈવીનો રિપોર્ટ પૉઝિટિવ આવે ત્યારે તે વ્યક્તિ શરમ અને સંકોચઅનુભવે છે. સામાજિક પ્રતિષ્ઠાને અસર પડશે એવા ડરથી આવી વ્યક્તિ પોતાની વાત કોઈને કહી પણ શકતી નથી.
- આ પરિસ્થિતિ વ્યક્તિ માટે અસહ્ય બને છે. સમાજના સભ્યો એઇડ્યગ્રસ્ત દર્દી સાથે ઉપેક્ષાભર્યું વર્તન કરે એઇટ્સના કારણે થતાં મૃત્યુમાં બાળમૃત્યુદર અને માતાનો મૃત્યુદર. વસ્તીશાસ્ત્રીય પરિવર્તનો નિપજાવે છે. એઇટ્સના કારણે પુરુષોનાં મૃત્યુ થતાં વિધવાઓનાં અનેક પ્રશ્નો ઊભા થાય છે.
- એઇડસની સારવાર ખર્ચાળ હોવાના કારણે વ્યક્તિના પરિવારથી શરૂ કરીને રાષ્ટ્રના આર્થિક માળખાને નુકસાન કરે છે, ભારતમાં એઇસનો ભોગ બનનાર વ્યક્તિઓ મોટે ભાગે 15થી 49 વર્ષની વયજૂથની છે. પરિણામે તેની રાષ્ટ્રના વેપાર, ઉદ્યોગ અને શિક્ષણ પર વિપરીત અસર પડે છે.
- એઇસના રોગની કોઈ દવા કે રસી શોધાઈ નહિ હોવાથી તેને લગતાં સંશોધનો કરવા માટે તેમજ આ રોગ અંગે સામાજિક જાગૃતિ લાવવાના પ્રયાસો ખર્ચાળ સાબિત થયા છે.